પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૮૭ | ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૭, શનિવાર ; ભાદરવા વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### રોહિગ્યા પ્રશ્ને સોમવારે એફિડેવિટ

કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહે આજે કહ્યું હતું કે, રોહિગ્યા મુસ્લિમોને દેશ નિકાલ કરવાની તેની યોજના ઉપર સોમવારના દિવસે સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે ગેરકાયદે રોહિગ્યા શરણાર્થીઓને મ્યાનમારમાં દેશ નિકાલ કરવા સામે દાખલ કરવામાં આવેલી અરજી ઉપર એફિડેવિટ દાખલ કરવા સરકારને આદેશ કર્યો હતો. નવી દિલ્હીમાં એક કાર્યક્રમના ભાગરુપે પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે, અમે ૧૮મી સપ્ટેમ્બરના દિવસે સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરવા જઈ રહ્યા છીએ.

### પેટ્રોલિયમ પ્રોડક્ટ પર દેશમાં એક સમાન ટેક્સની તૈયારીઓ

પેટ્રોલિયમ ગુડ્ઝની સમગ્ર દેશમાં એક સમાન કિંમતો રાખવાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ થઈ ગઈ છે. રાજ્ય નેચરલ ગેસ ઉપર વેલ્યુએડેડ ટેક્સ રેટ પાંચ ટકા સુધી રાખવા અને મેન્યુફ્ક્ચરિંગ સેક્ટરમાં આ ઈનપુટના રુટમાં ઉપયોગ થનાર પેટ્રોલ, ડીઝલ જેવા ફ્યુઅલ ઉપર વેટ રેટ ઘટાડવા ઉપર સહમત થઈ ગયા છે. પેટ્રોલિયમ પ્રોડક્ટ પર સમગ્ર દેશમાં એક સમાન ટેક્સ વ્યવસ્થા રહેશે. આના પરિણામ સ્વરુપે ડીઝલ અને પેટ્રોલની કિંમતોમાં ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા છે.

# ઉત્તર કોરિયાએ ફરી મિસાઈલ છોડી

**સંયુક્ત રાષ્ટ્રના પ્રતિબંધ અને અમેરિકાની ચેતવણીની ઐસી તૈસી : ખતરનાક કૃત્યોને જાપાન ચલાવી લેશે નહીં : યુએનની તાકિદની બેઠક થઇ**



પ્યોંગયાગ,તા. ૧૫

અમેરિકા અને અન્ય દેશોના તીવ્ર દબાણ અને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા હાલમાં લાદવામાં આવેલા આર્થિક પ્રતિબંધ છતાં તેની ચિંતા અને પરવાહ કર્યા વગર આજે ઉત્તર કોરિયાએ ફરી એકવાર જાપાન પરથી પ્રશાંત મહાસાગરમાં બેલાસ્ટિક મિસાઈલ છોડી હતી. જેના કારણે વિશ્વભરમાં ખળભળાટ મચી ગયો હતો. આ મિસાઈલ છોડવામાં આવતા કટોકટી વધારે ઘેરી બનવાના સંકેત દેખાઈ રહ્યા છે. પ્યોગયાંગ દ્વારા આ મિસાઈલ એવા સમયમાં છોડી છે જ્યારે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા નવેસરથી વેપાર પ્રતિબંધ ઉત્તર કોરિયા પર લાગુ કરી દેવામાં આવ્યા છે. ઉત્તર કોરિયાએ જાપાન ઉપર બેલાસ્ટિક મિસાઈલ છોડીને અમેરિકા અને ચીન સહિતના દેશોને ખુલ્લો પડકાર ફેંકી દીધો છે.

## વિશ્વભરમાં યુદ્ધની દહેશત

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તર કોરિયાની પાસે તમામ પ્રકારના ઘાતક હથિયારો છે

**૧૦૦૦૦ કિમીની રેંજ ધરાવતી મિસાઇલો છે : ૪૨૦૦થી વધારે ટેંક અને ઉત્તર કોરિયાની સેનામાં ૧૨ લાખ સૈનિકો છે**



પ્યોંગયાગ, તા. ૧૫

ઉત્તર કોરિયા પોતાની સૈન્ય શક્તિને લઈને અમેરકા, જાપાન સહિત કેટલાક દેશોના ટાર્ગેટ ઉપર છે. ઉત્તર કોરિયાએ અમેરિકાને ધમકી આપી છે કે, તે તેના ઉપર હુમલા કરીને નષ્ટ કરી શકે છે. માત્ર બે સપ્તાહની અંદર જ ઉત્તર કોરિયાએ જાપાન ઉપર બે મિસાઈલોનું ટેસ્ટ કર્યુ છે. ઉત્તર કોરિયાએ જાપાન પરથી બે મિસાઈલોના પરીક્ષણ બાદ એક બાજુ વિશ્વના દેશોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે ત્યારે દક્ષિણ કોરિયાએ પણ પોતાની તાકાતને વધારી દીધી છે. આ વર્ષે કેટલાક મિસાઈલ પરીક્ષણથી સ્પષ્ટ થઈ ગયું છે કે, ઉત્તર કોરિયા સફળતાપૂર્વક મિસાઈલ વિકસિત કરી રહ્યું છે. તે લાંબા અંતરો ઉપર ટાર્ગેટ પર પડી શકે છે. ઉત્તર કોરિયાની પાસે ૧૩૦૦ કિલોમીટર સુધી ત્રાટકી શકે તે પ્રકારની નોડોંગ, ૩૫૦૦ કિલોમીટરની ક્ષમતા ધરાવનાર મુસુડન, ૪૫૦૦ કિલોમીટરની રેંજ ધરાવનાર હ્વાસંગ-૧૨, ૮૦૦૦ કિલોમીટરની રેંજ ધરાવનાર હ્વાસંગ-૧૪ મિસાઈલ છે. હજુ પણ મિસાઈલો વિકસિત કરવામાં આવી રહી છે. કેટલાક મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ઉત્તર કોરિયા હજુ બીજી બે

● અનુસંધાન પાન-૭ પર

# લંડન મેટ્રોમાં બ્લાસ્ટથી બ્રિટન હચમચ્યું

**અસંખ્ય મુસાફરો ઘાયલ : બ્રિટનમાં છ મહિનામાં પાંચમી વખત હુમલો થયો : વડાપ્રધાન ટેરિસા દ્વારા તાકિદની બેઠક : ઉંડી આક્રમક તપાસનો દોર જારી**



લંડન,તા. ૧૫

ત્રાસવાદીઓએ આજે ફરી એકવાર લંડન મેટ્રોમાં બ્લાસ્ટ કરીને બ્રિટનને હચમચાવી મુક્યું હતું. દક્ષિણ પશ્ચિમ લંડનના એક અન્ડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન પર ડોલમાં બોંબ રાખીને બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. આ બ્લાસ્ટના કારણે ઓછામાં ઓછા ૩૦ લોકો દાઝી ગયા હતા જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. બ્લાસ્ટના કારણે લોકોમાં ભારે દહેશત ફેલાઈ ગઈ હતી. લોકોમાં અફડાતફડી મચી ગઈ હતી. લંડન પોલીસે આ બ્લાસ્ટ ત્રાસવાદી હુમલા હોવાની વાતને સમર્થન આપી દીધું છે. આ મામલા સાથે સંબંધિત માહિતી વડાપ્રધાન ટેરિઝા મેને આપી દેવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ડ્રાઈવિંગ લાયસન્સને પણ આધાર સાથે લિન્ક કરાશે

**ક્યાં સુધી ડ્રાઇવિંગ લાયસન્સ સાથે આધારને લિંક કરી દેવાશે તે સંદર્ભમાં કોઇ સમય મર્યાદા નક્કી કરાઈ નથી**

નવીદિલ્હી, તા. ૧૫

આધાર કાર્ડને પેન કાર્ડ સાથે લિંક કરવામાં આવ્યા બાદ હવે સરકાર ડ્રાઈવિંગ લાયસન્સને પણ આનાથી લિંક કરવાની તૈયારી કરી રહી છે. શુક્રવારના દિવસે કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, ટૂંક સમયમાં જ ડ્રાઈવરોના લાયસન્સને પણ આધાર સાથે લિંક કરી દેવામાં આવશે. અલબત્ત હાલમાં કેન્દ્રીય મંત્રીએ આની કોઈ મર્યાદા નક્કી કરી નથી. યુનિક આઈડેન્ટીફિકેશન નંબરને ક્યાં સુધી ડ્રાઈવિંગ લાયસન્સની સાથે લિંક કરવામાં આવશે તે અંગે કોઈ સમય મર્યાદા નક્કી કરવામાં આવી નથી. રવિશંકર પ્રસાદનું આધારના સંદર્ભમાં નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે સુપ્રીમ કોર્ટ આના ઉપર નિર્ણય કરવા જઈ રહી છે કે, આનાથી અંગતતાના અધિકારનો કોઈ ભંગ થાય છે કે કેમ. નવેમ્બરમાં કોર્ટ આ મામલામાં કોઈ નિર્ણય લઈ શકે છે.

આધાર પર કોઈ નિર્ણય આપતા પહેલા સુપ્રીમ કોર્ટમાં નવ જજની બેંચ આ બાબત ઉપર પણ સુનાવણી કરી રહી છે કે અંગતતા અમારા મૂળભૂત અધિકારના

● અનુસંધાન પાન-૭ પર

# પાકના ભીષણ ગોળીબારમાં એક જવાન શહીદ

**યુદ્ધવિરામનો ભંગ કરી પાકિસ્તાન દ્વારા ફરીવખત ભીષણ ગોળીબાર : અંકુશ રેખા ઉપર કલાકો સુધી બન્ને દેશોના જવાનો વચ્ચે ગોળીબારની રમઝટ જામી : સરહદે સ્થિતી તંગ બની : ત્રાસવાદીઓને ઘુસાડવાના હેતુસર ગોળીબાર**

શ્રીનગર,તા. ૫

પાકિસ્તાને યુદ્ધવિરામનો ભંગ કરીને ફરી એકવાર સરહદ પર ભીષણ ગોળીબાર કર્યો છે. પાકિસ્તાનના ગોળીબારમાં બીએસએફના જવાનનુ મોત થયુ છે. ગોળીબારમાં શહીદ થયેલા જવાનની ઓળખ કરી લેવામાં આવી છે. આજવાન બિજેન્દ્ર બહાદુર સિંહ તરીકે થઈ છે. અરનિયા વિસ્તારમાં થયેલા ગોળીબારમાં તે ઓ ગંભીરરીતે ઘાયલ થયા હતા. ત્યારબાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યા સારવાર વેળા તેમનુ અવસાન થયુ હતુ. કાશ્મીરના આરએસ પુરા સેક્ટરમાં પાકિસ્તાન દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. બીએસફ કન્ટ્રોલ રૂમ પાસેથી મળેલી માહિતી મુજબ ગોળીબાર રાત્રે ૧૨.૨૫

મિનિટની આસપાસ થયો હતો. પાકિસ્તાની તરફથી એક સ્નાઈપર દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં બીએસએફને ગંભીર ઈજા થઈ હતી. બન્ને પક્ષો વચ્ચે કલાકો સુધી ગોળીબારની રમઝટ જામી હતી. જેથી સ્થિતી વિસ્ફોટક બની ગઈ

● અનુસંધાન પાન-૭ પર



# પ્રદ્યુમન હત્યા કાંડ મામલે સીબીઆઈ તપાસ

**વાલીઓના હોબાળા અને માતા-પિતાની માંગ બાદ અંતે તપાસ સોંપાઈ : હરિયાણાના મુખ્યપ્રધાન ખટ્ટર શોકસભામાં પહોંચ્યા**

ગુરુગામ,તા. ૧૫

હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરે ગુરુગામની રાયન ઈન્ટરનેશનલ સ્કૂલમાં થયેલા પ્રદ્યુમન હત્યાકાંડની તપાસ ભારે હોબાળો થયા બાદ આખરે સીબીઆઈ પાસેથી કરાવવાની ભલામણ કરી દીધી છે. ખાનગી ગુરુગ્રામ સ્કૂલમાં સાત વર્ષીય બાળક પ્રદ્યુમન ઠાકુરની ઘાતકી હત્યા કરી દેવામાં આવી હતી. બીજા ધોરણમાં અભ્યાસ કરતા પ્રદ્યુમનની હત્યા બાદ દેશભરમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. પ્રદ્યુમનની શોકસભામાં સામેલ થવા માટે આજે તેમના આવાસ ઉપર પહોંચેલા ખટ્ટરે સીબીઆઈ તપાસની જાહેરાત કરી દીધી હતી. તેમણે કહ્યું હતું કે, રાયન સ્કૂલ મેનેજમેન્ટને ત્રણ મહિનાની અંદર પ્રદેશ સરકાર ટેકઓવર કરી લીધી છે. ખટ્ટરે કહ્યું હતું કે, રાયન સ્કૂલની ઘટના ખુબ જ નિંદા કરનાર ઘટના છે. આના કારણે લોકોમાં ભારે નારાજગી પણ છે. ઠક્કરે કહ્યું હતું કે, લોકો અને વાલીઓની માંગણીઓને ધ્યાનમાં લઈને સરકાર સીબીઆઈ તપાસ માટે તૈયાર થઈ છે. તપાસ સંસ્થાને આ સંદર્ભમાં પત્ર મોકલી દેવામાં આવ્યો છે. ખટ્ટરે કહ્યું હતું કે, રાજ્ય સરકારે રાયન સ્કૂલને ત્રણ મહિનાની અંદર પોતાના નિયંત્રણણાં લેવાનો નિર્ણય કર્યો છે. સ્કૂલની તમામ ગતિવિધિ હવે રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળ થશે. બીજી બાજુ સીબીઆઈ તપાસની જાહેરાત બાદ પ્રદ્યુમનના પિતાએ કહ્યું હતું કે, તેમની માંગણી એ છે કે, આ પ્રકારના મામલા બીજી વખત ન બને તેની ખાતરી કરવામાં આવે. જો કે, તેમણે કહ્યું હતું કે, સરકાર ઉપર તેમનો વિશ્વાસ હજુ પણ કાયમ રહેલો છે. પ્રદ્યુમનના માતા-પિતા હત્યાકાંડના પ્રથમ દિવસથી જ આ કેસની તપાસ

● અનુસંધાન પાન-૭ પર


જોઈએ છે
સેલ્સ એક્ઝીક્યુટીવ
સારી કોમ્યુનિકેશન સ્કિલ ધરાવતા
પગાર : ૮૦૦૦ થી ૧૦,૦૦૦
ગાંધીનગર વિસ્તાર માટે
સંપર્ક : કિરણ મોટર્સ
૯૮૨૫૩ ૧૧૨૩૭
૮૧૫૬૦ ૦૦૯૮૦

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

NAGARJUNA | BAN Since 1966 | Himalaya HERBAL HEALTHCARE | ZANDU | VASU Healthcare Pvt. Ltd. | पतंजलि | Baidyanath ASLI AYURVED | Dabur | SANDU | Charak
આયુર્વેદિક દવાઓ
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
તપાસ ફી ૧૦૦ રૂપિયા
MNM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple, Cheap Type Shopping Center, Sector-6/D, Gandhinagar. Ph. : 079 - 23241415

કાનની બહેરાશની અવગણના ન કરો
ઘણું મોડું થાય એ પહેલા એની સારવાર કરો.
હાલની લેટેસ્ટ ટેકનોલોજીનાં ડીજીટલ હીયરીંગ મશીન પર એક કાનનાં મશીન સાથે બીજા કાનનું મશીન ફ્રી*..ફ્રી*..ફ્રી*
કેમ્પ તા. ૧૬ થી ૨૧
(એપોઈન્ટમેન્ટ લઈને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)
મો. 76984 00039
નિષ્ણાંત ઓડિયોલોજીસ્ટ દ્વારા કાનની બહેરાશની ફ્રી તપાસ તેમજ વોટરપ્રુફ, વાયરલેસ અને તમારા મોબાઈલથી કનેકટ થઈ જાય તેવા વિશ્વના એડવાન્સ ટેકનોલોજીવાળા યુરોપની કંપનીના હિયરીંગ મશીન પર ફ્રી ટ્રાયલ અને ફ્રી કન્સલ્ટન્સી
સરકારી કર્મચારી અને પેન્સનર માટે સરકારની રૂા 50000/- ની રીએમ્બર્સ યોજનાનો લાભ અને માર્ગદર્શન અને સ્પેશ્યલ ઓફર
યુરોપથી ટ્રેઈન થયેલા ઓડિયોલોજીસ્ટની ટીમ દ્વારા તપાસ
ANGEL SPEECH & HEARING CLINIC
H.O : G-3, અભિષેક, પલોટ નં.19, ફોર્ચ્યુન હવેલી હોટલની પાસે, સુમન ટાવરની પાછળ સેક્ટર-11, ગાંધીનગર
F-38/39, મુલ્કીભવન માર્કેટ, બસ સ્ટેશન પાસે, રાજમહલ રોડ, મહેસાણા
B-17, શ્રીદેવ કોમ્પલેક્ષ, પોસ્ટ ઓફિસની સામે, સ્ટેશન રોડ, પાટણ
પહેલો માળ, ત્રિભોવન કોમ્પલેક્ષ, એસ.ટી.બસ સ્ટેન્ડની બાજુમાં, જુની આંખની હોસ્પિટલની સામે, વિસનગર
252/1 બીજા માળે, એસ.બી એમ્પીયર સી.એ પિયુષ કંપની ની પાછળ, ટી.બી.રોડ, વિજાપુર
એક્સ-રે, હાઉસ, હરીહર ઈ.એન.ટી. હોસ્પિટલની નીચે, પટેલ ભુવનની પાછળ, કડી
F-43, મહાવીર કોમ્પલેક્ષ, એસ.ટી.બસ સ્ટેશનની પાછળ, માણસા